૯મી નવેમ્બરે કેન્દ્રિય કેબિનેટના વિસ્તરણની શકયતા

નવીદિલ્હી,તા. ૬

કેન્દ્રીય કેબિનેટની ફેરરચના અને વિસ્તરણ કરવામાં આવે તે પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યા હતા. બંને નેતાઓ કેબિનેટમાં ફેરફારના મુદ્દા ઉપર ચર્ચા કરી હોવાના અહેવાલ મળ્યા છે. ૯મી નવેમ્બરના દિવસે કેન્દ્રિય કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૧મી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ રાષ્ટ્રોના પ્રવાસ ઉપર રવાના થઇ રહ્યા છે. આ પ્રવાસ પહેલા તેઓ કેબિનેટનું વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. અરુણ જેટલી પાસેથી સંરક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો પરત લઇને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરને સોંપવામાં આવે તેવી શક્યતા છે. મનોહર પારીકરને સંરક્ષણ ખાતુ સોંપવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ગ્રામીણ વિકાસ મંત્રાલયનો હવાલો સોંપાય તેવી પણ શક્યતા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીને પણ વધારાનો હવાલો સોંપાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ગોપીનાથ મુંડેનું અવસાન થયા બાદ આ જગ્યા ખાલી થઇ હતી. માહિતી ટેકનોલોજી અને કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદ તથા માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરને બે-બે મંત્રાલયના બદલે તેમને પણ જવાબદારી હળવી કરીને રાહત આપવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટમાં યશવંતસિંહાના પુત્ર જયંત સિંહાને તક આપવામાં આવે તેમ માનવામાં આવી રહ્યું છે. જો કે, કેબિનેટની રચના ક્યારે થશે તેને લઇને હજુ સુધી ચિત્ર સ્પષ્ટ થયું નથી. ટૂંકમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

મનોહર પારીકર દેશના નવા રક્ષા મંત્રી બનશે

પણજી,તા.૬

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરે આજે ભાજપના ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. કેન્દ્રીય કેબિનેટમાં તેઓ સામેલ થઈ શકે છે તેવા અહેવાલ વચ્ચે આ બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રીના સત્તાવાર આવાસ ઉપર યોજાયેલી આ બેઠકમાં ગોવા પાર્ટી પ્રમુખ વિનય તેંડુલકર અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી સતીષ ધૂંધ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, બેઠક માટેનો સત્તાવાર એજન્ડા જાણી શકાયો નથી પરંતુ પારીકરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે થયેલી વાતચીત અંગે માહિતી આપી હોવાના અહેવાલ મળ્યા છે. કેન્દ્રીય કેબિનેટમાં કેટલાક નવા સભ્યોને સામેલ કરવામાં આવનાર છે. આ નામોમાં મનોહર પારીકરનું નામ પણ સામેલ છે. મનોહર પારીકરને કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય જેવું મહત્વપૂર્ણ ખાતું સોંપવામાં આવે તેમ માનવામાં આવે છે. ગઈકાલે મોદી સાથે વાતચીત કર્યા બાદ પારીકરે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, કેન્દ્રીય કેબિનેટમાં સમાવેશના મુદ્દે વાતચીત થઈ છે. પારીકરે કહ્યું હતું કે, આ મુદ્દે મોદી સાથે કોઈ ચર્ચા થઈ ન હતી.

ગોવાના નવા મુખ્યમંત્રી કોણ?

પણજી,તા. ૬

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મેળવવાની તૈયારીમાં છે. આવી સ્થિતિમાં ગોવાના મુખ્યમંત્રી પદ માટે આરએસએસના બે નેતાઓ પણ ચર્ચામાં આવી ગયા છે. બે નેતાઓ મુખ્યમંત્રી પદ માટે પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ ગોવા એકમના પ્રમુખ વિનય તેંડુલકર સાથે નવી દિલ્હી રહેલા પારીકરની વાતચીત થઈ રહી છે. પારીકર ભાજપ પ્રમુખ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી ચુકયા છે. ગોવાના મુદ્દે ચર્ચા કરી હોવાની વાત પારીકર હાલમાં કરી રહ્યા છે પરંતુ પારીકરની કેન્દ્રીય કેબિનેટમાં નિમણૂંક નિશ્ચિત દેખાઈ રહી છે. ગોવાના મુખ્યમંત્રી પદ માટે કેટલાક નામ ચર્ચામાં આવી રહ્યા છે. જે પીઢ નેતાઓના નામ સપાટી ઉપર આવ્યા છે તેમાં ગૃહપ્રધાન લક્ષ્મીકાંત પારસેકર અને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર અરલેકરનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે બેકગ્રાઉન્ડ ધરાવનાર આ બંને નેતાઓ ભૂતકાળમાં રાજ્યમાં પાર્ટીનું નેતૃત્વ કરી ચુકયા છે. લક્ષ્મીકાંત પક્ષના મામલાઓથી સારીરીતે વાકેફ છે. જો કે, તેમણે કહ્યું છે કે, તેઓ સ્પર્ધામાં નથી. બીજી બાજુ રાજેન્દ્રનું કહેવું છે કે, તેમની સાથે હજુ સુધી કોઈ નેતાએ વાતચીત કરી નથી. બંને નેતાઓ પારીકરના નજીકના લોકો પૈકી છે. આ બંને નેતાઓ ગોવામાં ભાજપની સ્થિતિને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી ચુકયા છે.

સ્વિસ એકાઉન્ટ ધરાવનાર રાધા ટિમ્બ્લો સામે સમન્સ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા રાધા ટિમ્બ્લોસામેસમન્સ જારી કરવામાં આવ્યું છે. સ્વિસ ખાતુ ધરાવનાર રાધા ટિમ્બ્લોની તકલીફ વધી રહી છે. મની લોન્ડરીંગ અટકાયત ધારા હેઠળ એક કેસ દાખલ કરવામાં આવ્યા બાદ સમન્સ જારી કરવામાં આવ્યું છે. સ્વિસ બેંક ખાતુ હોવાની વાત કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ કરી હતી. સરકારે સુપ્રીમ કોર્ટમાં જે નામ આપ્યા હતા તેમાં ટિમ્બ્લોનું નામ પણ હતું. ૧૮મી નવેમ્બરના દિવસે પણજી ખાતેની ઈડી ઓફિસમાં ઉપસ્થિત થવા ટિમ્બ્લોને કહેવામાં આવ્યું છે.

મમતા અને ડાબેરીઓનો ટેકો પણ લેવાશે : નીતિશ

નવીદિલ્હી , તા. ૬

મહામોરચો રચવા માટેની દિશામાં મુલાયમ દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં મુલાયમ અને નીતિશ સહિતના પ્રાદેશિક નેતાઓ મમતા બેનરજીના તૃણમુલ કોંગ્રેસ સહિત ડાબેરી પક્ષો અને અન્યોનો ટેકો પણ લેવામાં આવશે. બેઠકમાં ઘણા એજન્ડા ઉપર વાત થઇ હતી. સંસદના આગામી શિયાળુ સત્ર દરમિયાન મોદીની સરકારને કેટલાક મુદ્દા પર ભીંસમાં લેવાની ગણતરી હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રાદેશિક પક્ષો આવનાર સમયમાં ચૂંટણી સાથે મળીને પણ લડી શકે છે. વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા ત્રીજા મોરચાની રચનાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજા પક્ષો સાથે પણ વાતચીત થશે. ખાસ કરીને મુલાયમ અને નીતિશ કુમાર તથા લાલૂ યાદવ વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. કારણ કે , ભાજપની તાકાત તમામ રાજ્યોમાં વધી રહી છે.



શિખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવની જન્મ જયંતિની આજે પૂરા ભારત વર્ષમાં શિખ અને પંજાબી સમુદાય દ્વારા પૂરા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. ઉપરોક્ત તસવીરમાં અમૃતસરમાં આવેલ ગોલ્ડન ટેમ્પલને રોશનીથી શણગારેલ જોઈ શકાય છે તેમજ ગુરુ નાનક દેવજીની જયંતિ પ્રસંગે રાષ્ટ્રપતિભવન ખાતે યોજાયેલ ગુરુબાની કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ઉપસ્થિત રહ્યા હતાં.

શિવ સેના બાદ હવે અકાળી દળથી ભાજપ અલગ પડશે

ચંદીગઢ,તા. ૬

રાજકીય મોરચે ભાજપની દેશના તમામ રાજ્યોમાં સ્થિતી દિન પ્રતિદિન મજબુત બની રહી છે. હવે ભાજપની તાકાત પંજાબમાં તેના સાથી પણ અકાળી દળને પરેશાન કરી શકે છે. એમ માનવામાં આવે છે કે મહારાષ્ટ્રમાં શિવ સેના અને હરિયાણામાં હરિયાણા જનહિત કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ હવે પંજાબમાં પણ ભાજપ એકલા હાથે આગળ વદી શકે છે. પંજાબમાં ભાજપના પ્રભારી રામશંકર કઠેરિયા કહી ચુકયા છે કે જો હરિયાણા જેવી સ્થિતી સર્જાશે તો ભાજપ વર્ષ ૨૦૧૭માં પંજાબમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડશે. કઠેરિયાના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બાજપ રાજયમાં પોતાના સંસદીય સચિવોને આગામી થોડાક દિવસોમાં રાજીનામુ આપી દેવા કહી શકે છે. નિર્ણય લેવાના મામલે આ સચિવોની ભૂમિકા નહીવત રહે છે. અલબત્ત મુખ્ય સંસદીય સચિવ વિધાનસભાનો સભ્ય હોય છે. તેમનો દરજ્જો રાજયમંત્રીની સમાન રહે છે. રાજ્યમાં ભાજપની ગતિવિધી સતત વધી રહી છે. જેને ધ્યાનમાં લઈને જુદા જુદા પ્રયોગ ભાજપ દ્વારા પહેલાથી જ કરવામાં આવી રહ્યા છે. કઠેરિયા મુખ્યપ્રધાનપ્રકાશસિંહ બાદલ અને નાયબ મુખ્યપ્રધાન સુખબીર બાદલ સાથે વાતચીત કરી ચુકયા છે. તેમણે કહ્યું હતું કે તેઓ પોતાની કેરિયરમાં એવુ પ્રથમ વખત જોઈ રહ્યા છે જ્યારે બન્ને ટોપ પોસ્ટ પર પિતા પુત્ર રહેલા છે. કઠેરિયાની ટિપ્પણી બાદ અકાળી દળ પણ લડાયક મુડમાં છે. અકાળી નેતા મહસિધન્ધર સિંહે કહ્યું હતું કે એસએડી અને ભાજપના સંબંધ ભાવના પર આધારિત છે. જોબાજપ એકલા હાથે ચૂંટણી લડાવ માંગે છે તો અમે કઈ પણ કરી શકીએ નહી. બન્ને પક્ષો હવે પોતાની સ્થિતીને મજબુત કરવામાં લાગી ગયા છે.

માર્ચ સુધી આધાર નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવાનો હુકમ

નવી દિલ્હી ,તા. ૬

કેન્દ્ર સરકાર પોતાની કેટલીક સામાજિક કલ્યાણની સ્કીમમાં આધાર નંબરની મર્યાદા વધારવા ઈચ્છુક છે. આ જ કારણસર તે માર્ચ મહિના સુધી આધાર નોંધણીની કામગીરી પૂર્ણ કરવા ઈચ્છુક છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સરકારે યુઆઈડીએઆઈ એટલે કે યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી અને એનપીઆર એટલે કે નેશનલ પોપ્યુલેશન રજીસ્ટ્રારને ૧૫મી માર્ચ સુધી આધારની નોંધણી પૂર્ણ કરવા માટે કડક સૂચના જારી કરી દીધી છે.

સુત્રોએ કહ્યું છે કે , વડાપ્રધાનની ક્યેરીએ યુઆઈડીએઆઈ અને એનપીઆરને આદેશ કર્યો છે કે તે દેશની સમગ્ર વસ્તી માટે આધાર નોંધણીની પ્રક્રિયા માર્ચ સુધી પરિપૂર્ણ કરે. ગયા મહિને થયેલી આધાર પ્રોજેક્ટ અંગે સમીક્ષા બેઠકમાં આ મુજબના આદેશ જારી કરાયા હતા. યુઆઈડેએઆઈ પહેલાથી જ દેશભરના ૭૦ કરોડ લોકોને આધાર નંબર આપવામાં સફળ છે. આંધ્રપ્રદેશ , કેરળ , દિલ્હી અને હિમાચલ સહિત ૯ રાજ્યોમાં ૯૦ ટકા લોકોના આધાર કાર્ડ બની ચુકયા છે. જ્યારે ૧૬ રાજ્યમાં આની સરેરાશ ૭૦ ટકાની આસપાસ છે. છેલ્લા થોડાક મહિનાઓમાં સરકારે આધાર કાર્ડને અનેક સરકારી સ્કીમો સાથે જોડીને નવી શક્તિ આપી દીધી છે જેમાં પ્રધાનમંત્રી જન ધન યોજના , મનરેગા , પેંશન સ્કીમ , સ્કોલરશીપ સ્કિમ , ઈપીએફઓ , પીડીએસ , પાસપોર્ટ અને સરકારી ઓફીસોમાં હાજરી વ્યવસ્થાનો સમાવેશ થાય છે. માર્ચ સુધી આધારની પ્રક્રિયાને પરિપૂર્ણ કરવા માટે સરકાર સુચના જારી કરી ચુકી છે. માર્ચ ૨૦૧૫ સુધી નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર છે. આધારને લઈને સુપ્રીમ કોર્ટે થોડાક સમય પહેલા જોરદાર દિશા નિર્દેશ જારી કરતા આની ગતિ ધીમી પડી હતી.

દેશમાં ભીષણ હુમલાઓ કરવા અલકાયદાની ખતરનાક યોજના

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં ભીષણ આતંકવાદી હુમલા કરવાની તૈયારીમાં આતંકવાદી સંગઠન અલ કાયદા હોવાના અહેવાલ મળી રહ્યા છે. અલકાયદા દ્વારા આતંકવાદીઓને હાલમાં તાલીમ આપવામાં આવી રહી છે. ઈન્ટેલીજન્સ અહેવાલમાં જણાવાયું છે કે, ભારતીય ત્રાસવાદીઓને તાલીમ અપાઈ રહી છે. ભારતને ઈરાક અને સિરિયા બનાવવાના ઈરાદા ધરાવનાર ખૂંખાર ત્રાસવાદી સંગઠન અલકાયદાના ખતરનાક ઈરાદાનો આજે ખુલાસો થયો છે. ભારતના ત્રાસવાદી સંગઠન આઈએમના સભ્યો સાથે વાતચીત થઈ છે. ઈન્ડિયન મુઝાહિદ્દીનના ત્રાસવાદીઓ સાથે અલકાયદાના લીડરોની વાતચીતના આધાર પર આ ખુલાસો થયો છે. ભારતમાં મોટા હુમલાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ ગુપ્ત અહેવાલ બાદ અધિકારીઓ સાવધાન બની ગયા છે. ઈસ્લામિક ત્રાસવાદી સંગઠનો વચ્ચે વાતચીત ચાલી રહી છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓનું કહેવું છે કે, અલકાયદા અને આઈએમ વચ્ચે સંબંધ મજબૂત થઈ રહ્યા છે. મજબૂત થતાં સંબંધ વચ્ચે ખતરો પણ વધી રહ્યો છે. આઈએમને સ્થાનિક ટાર્ગેટ ઉપર નીચલા સ્તરે હુમલા કરવાની કુશળતા મળેલી છે. પ્રેશરકુકર બોંબ જેવા ફૂડ હથિયારોનો ઉપયોગ કરીને હુમલા કરવા માટે આ સંગઠનના લોકો જાણીતા રહ્યા છે. સરહદ ઉપર ભારતીય જવાનોએ તકેદારી વધારી દીધી છે. થોડાક સમય પહેલા જ દક્ષિણ એશિયામાં તેની પાંખ રચવાનો અલકાયદાએ જાહેરાત કરી હતી. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં અલકાયદા અને અન્ય સંગઠનો સાથે આઈએમના સભ્યો ટ્રેનિંગ લઈ રહ્યા છે. આ ટ્રેનિંગ મોટા હુમલા માટે અપાઈ રહી છે. વિશ્વમાં સૌથી મોટા અર્થતંત્રને ટાર્ગેટ બનાવવાની ગણતરી થઈ રહી છે. અમેરિકાએ પણ હાલમાં કહ્યું હતું કે, પાકિસ્તાન ત્રાસવાદીઓની મદદ લઈ રહ્યું છે. ગયા રવિવારના દિવસે પાકિસ્તાનના વાઘા વિસ્તારમાં આત્મઘાતી હુમલો થયો હતો. એનઆઈએના પ્રમુખ શરદ કુમારનું કહેવું છે કે, આતંકવાદી ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. પાકિસ્તાનમાં વાઘા સરહદ ઉપર આત્મઘાતી હુમલો થયા બાદ ભારતમાં પણ હુમલાની દહેશત વધી ગઈ હતી જેના પરિણામ સ્વરુપે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. અફઘાનિસ્તાનમાં અલકાયદા અને અન્ય ખૂંખાર સંગઠનો પાસેથી આઈએમના ત્રાસવાદીઓ તાલીમ લઈ રહ્યા છે. આના કારણે દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારત અને પાકિસ્તાન તેમજ અફઘાનિસ્તાન જેવા પડોશી દેશો ઉપર પણ ખતરો તોળાઈ રહ્યો છે. જો કે, ભારતીય સેના સંપૂર્ણપણે સજ્જ છે.

હરિયાણા-રાજસ્થાનમાં વાઢેરાએ બિઝનેસ સમેટ્યો

સોનિયા-પરિવાર ઈટાલી ફરાર થઈ શકે છે : વિજ

ચંદીગઢ,તા. ૬

હરિયાણા અને રાજસ્થાનમાં કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા તેમના કારોબારને સમેટી રહ્યા છે તેવા અહેવાલ વચ્ચે નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. હરિયાણાના એક પ્રધાને આજે કહ્યું હતું કે, ગુનેગારોને ચોક્કસપણે પકડી પાડવામાં આવશે. હરિયાણાના આરોગ્યમંત્રી અનિલ વિજે દાવો કર્યો હતો કે, સોનિયા ગાંધી અને તેમના પરિવારના સભ્યો ઈટાલી નાસી છુટવાની તૈયારી કરી રહ્યા છે પરંતુ તેમને કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડશે. કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા દસ્તાવેજ મુજબ રાજસ્થાન અને હરિયાણામાં વાઢેરા દ્વારા છ કંપનીઓ લોંચ કરવામાં આવી હતી જે પૈકી ચાર કંપનીઓ બંધ કરવામાં આવી ચુકી છે. જે કંપનીઓને બંધ કરી દેવામાં આવી છે તેમાં લાઈફલાઈન એગ્રોટેક પ્રાઈવેટ લિમિટેડ, ગ્રીનવેવ એગ્રો પ્રાઈવેટ લિમિટેડ, રાઈટલાઈન એગ્રીકલ્ચર પ્રાઈવેટ લિમિટેડ, પ્રાઈમ ટાઈમ એગ્રો પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. એક અગ્રણી અખબારના જણાવ્યા મુજબ બાકીની બે કંપનીઓ ફ્યુચર ઈન્ફ્રા એગ્રો પ્રાઈવેટ લિમિટેડ અને બેસ્ટસિઝન એગ્રો પ્રાઈવેટ લિમિટેડ બંધ થવાની પ્રક્રિયામાં છે. અખબારે દાવો કર્યો છે કે, સત્તામાં ભાજપ આવ્યા બાદથી જ વાઢેરાએ આ કંપનીઓને સમેટી લેવાની શરૂઆત કરી દીધી હતી. તમામ કંપનીઓ આ વર્ષે મે સુધી સંપૂર્ણપણે સક્રિય હતી. અખબારનું એમ પણ કહેવું છે કે, રાજ્ય અને કેન્દ્રીય સરકાર દ્વારા જોરદાર ચકાસણી થશે તેવી દહેશતના પરિણામ સ્વરુપે વાઢેરાએ હરિયાણા અને રાજસ્થાનમાં જમીનો પણ વેચવાની શરૂઆત કરી દીધી છે. હરિયાણામાં નવી ભાજપ સરકારે સત્તા સંભાળી લીધા બાદ કહ્યું હતું કે, રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીમાં તપાસ કરાશે.

જન ધન યોજના મારફતે ૫૦૦૦ કરોડ જમા થયા

નવી દિલ્હી,તા. ૬

પ્રધાનમંત્રી જન ધન યોજનાના પરિણામસ્વરૂપે વિધિવત બેકિંગ વ્યવસ્થામાં ૫૦૦૦ કરોડ રૂપિયા જમા થઈ ચુકયા છે. કારણ કે સાત કરોડની આસપાસ ખાતા ધારકો તેમના બેંક ખાતામાં રોકડ રકમ જમા કરવા લાગી ગયા છે. અગાઉ મોટી રકમ ઘરમાં જ કોઈ ઉપયોગ વગર રહેતી હતી. નાણાં મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવેલા નવેસરના આંકડા દર્શાવે છે કે ત્રીજી નવેમ્બર સુધી ૩૬.૯૮ કરોડ બેંક ખાતા દેશભરમાં ખોલી દેવામાં આવ્યા છે. જે ખાતાઓમાં ૫૩૦૦ કરોડની રકમ આવી ચુકી છે. આ એકાઉન્ટ ધારકો માટે ચાર કરોડ રૂપિયા કાર્ડ જારી કરવામાં આવ્યા છે. બાકીના લોકોને આગામી થોડાક દિવસોમાં જ એટીએમ કાર્ડ મળી જાય તેવી શક્યતા છે. વર્તમાન ઝડપ રહેશે તો થોડાક દિવસમાં જ વધુ સફળતા મળી જશે. ૨૯મી ઓગષ્ટના દિવસે આ સ્કીમ લોંચ કરવામાં આવી હતી. ૭.૫ કરોડ બેંક ખાતાઓ ખોલવાની યોજના રહેલી છે. સરકાર ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ પહેલા ટાર્ગેટને હાંસલ કરવાની યોજના ધરાવે છે. અધિકારીઓએ કહ્યું છે કે ટાર્ગેટને હાંસલ કરી શકાય તેવી સ્થિતી છે જેથી નાણાં મંત્રાલય ખાલા ખોલવાના ટાર્ગેટને વધારીને ૧૫ કરોડ કરવાની યોજના ધરાવે છે. બેંક ખાતાઓ ખોલવામાં બેંકો પણ સક્રિય થયેલી છે. દરેક જન ધન ખાતામાં સરેરાશ રકમનો આંકડો આશરે ૭૫૦ રૂપિયાનો છે. જ્યારે દરેક ખાતામાં સરેરાશ બેલેન્સ ૫૦૦ રૂપિયા છે. મોદી દ્વારા લોંચ કરવામાં આવેલી આ સ્કીમને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સરકાર પણ આ સ્કીમને લઈને વધારે આશાવાદી બની છે. જન ધન સ્કિમને લઈને દેશભરમાં ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. બેંક સાથે સંબંધિત નિષ્ણાંતો પણ કહી ચુકયા છે કે, બેંક ખાતાઓ ખોલવાને લઈ લોકો આગળ આવી રહ્યા છે. આવનાર દિવસોમાં આને વધુ સારો પ્રતિસાદ મળશે. પ્રધાનમંત્રી જન ધન યોજનાના સંદર્ભમાં બેંકોમાં માહિતી પણ અપાઈ રહી છે.

‘પ્લેઇંગ ઈટ માય વે ઈન મુંબઈ’

સચિનની આત્મકથા ‘પ્લેઇંગ ઈટ માય વે ઈન મુંબઈ’ પુસ્તકના વિમોચન પ્રસંગે મુંબઈ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ક્રિકેટ લીજન્ડ સચિન તેંડુલકર, પત્ની અંજલિ તથા મોટા ભાઈ અજીત તેંડુલકર સાથે ઉપસ્થિત રહેલ તે પ્રસંગની તસવીર.

હેપ્પી ન્યુયર બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતાની તરફ

મુંબઈ,તા. ૬

હેપ્પી ન્યુયર ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ કરી રહી છે. બેંગબેંગના રેકોર્ડને તોડી દીધા બાદ હવે શાહરુખની ફિલ્મ નવા રેકોર્ડ તરફ વધી રહી છે. વિદેશી બજારમાં સૌથી વધુ કમાણી કરનાર સાતમી સૌથી મોટી ફિલ્મ તરીકે હેપ્પી ન્યુયર ઉભરી આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ ફિલ્મ ૧૦માં ક્રમથી કૂદકો લગાવીને હવે સાતમાં ક્રમ પર પહોંચી ગઈ છે. ડોન-૨ના રેકોર્ડને પણ આ ફિલ્મ તોડી ચુકી છે. આ ફિલ્મે ૧૧૭૫૦૦૦૦ ડોલરની કમાણી કરી હતી. આ ઉપરાંત કભી અલવિદા ન કહેના ફિલ્મ ૧૦૭૭૦૦૦૦ ડોલરની કમાણી કરી હતી. શાહરુખખાનની ફિલ્મ હવે સલમાન ખાનની કિક ફિલ્મના રેકોર્ડને પણ વિદેશી કમાણીની દ્રષ્ટિએ પાછળ છોડી ચુકી છે. કિક ફિલ્મે વિદેશી માર્કેટમાં ૧૧૧૦૦૦૦૦ મિલિયન ડોલરની કમાણી કરી હતી. હેપ્પીન્યુયર ફિલ્મમાં શાહરુખ ખાન ઉપરાંત દિપીકા, અભિષેક બચ્ચન, બોમન ઈરાનીની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ દિવાળી ઉપર રજૂ થયા બાદ ભારત અને વિદેશમાં સફળતાના નવા રેકોર્ડ કરી રહી છે. અલબત્ત આ ફિલ્મ આમીર ખાનની ફિલ્મ ધૂમ-૩ના રેકોર્ડથી ખુબ પાછળ રહી ગઈ છે પરંતુ અન્ય ફિલ્મોને આ ફિલ્મ પાછળ છોડી ચુકી છે. આવતીકાલથી દેશભરમાં નવી ફિલ્મ શૌકીન રજૂ થઈ રહી છે જેમાં અક્ષય કુમારની મુખ્ય ભૂમિકા છે. આવી સ્થિતિમાં હેપ્પી ન્યુયરની કમાણી હવે અટકી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પરંતુ હેપ્પી ન્યુયર ફિલ્મ અપેક્ષા કરતા વધુ સારી કમાણી કરી ગઈ છે જેથી ફરાહ ખાન અને ફિલ્મ સાથે સંકળાયેલા અન્ય લોકો ભારે ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. શાહરુખ ખાન અને દિપીકાની જોડીની સતત આ બીજી ફિલ્મ છે જે ૨૦૦ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. આ અગાઉ રોહિત શેટ્ટીની ફિલ્મ ચેન્નાઈ એક્સપ્રેસ પણ રેકોર્ડ સફળતા મેળવી ગઈ છે.